ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



કડવા ચોથ - પતિના આયુષ્ય માટે પરણિતાઓ દ્વારા કરાતા ચતુર્થીના વ્રતને કરવા ચોથ તરીકે ઉજવાય છે... શહેરના સેકટર-૨માં સામુહિક ઉજવણીની આ અનોખી તસવીર મા-પાર્વતીના વ્રતની પરંપરાને જાળવવાનો નમ્ર પ્રયાસ ભારતીય સંસ્કૃતિમાં થઈ રહ્યો છે... શહેરની વ્રતધારી પરણિતાઓ પૂજા માટે એકત્ર થઈ પતિના આયુષ્ય માટે ભગવાન ગણેશજી અને ભોળાનાથને વિનવે છે... ઉત્તર ભારતની મહિલાઓની આ કઠીન વ્રત ગુજરાતના શહેરી વિસ્તારોમાં પણ ભાવપૂર્વક ઉજવાય છે...

# ગાંધીનગરને 'એક્સ' કેટેગરીમાં મૂકાતા સરકારી કર્મચારીઓના ભથ્થાં વધશે

**ગાંધીનગર અને અમદાવાદને 'એક્સ', રાજકોટ, સુરત, વડોદરા, જામનગર અને ભાવનગરને 'વાય' કેટેગરીમાં અને અન્ય શહેરોને 'ઝેડ' કેટેગરીમાં સામેલ કરાયા**

ગાંધીનગર, તા. ૧૩

કર્મચારીઓના આંદોલન બાદ સાતમા પગાર પંચ મુજબના ભથ્થા આપવાનું સરકારે સ્વીકાર્યુ હતુ. આ ભથ્થા માટે કયા શહેરને કઈ કેટેગરીમાં મૂકવામાં આવશે તેનો ઠરાવ આજે કરવામાં આવ્યો છે. હવે શહેરોની કેટેગરી પ્રમાણે સરકારી કર્મચારીઓને ભથ્થાની ચૂકવણી કરવામાં આવશે. ગાંધીનગરને અમદાવાદ સમકક્ષ 'એક્સ' કેટેગરીમાં મૂકવામાં આવતા કર્મચારીઓને ભથ્થામાં સારો એવો વધારો મળશે.

કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ ભથ્થા આપવાના નિર્ણય કરાયા બાદ એક પછી એક ઠરાવો સરકારે જાહેર કર્યા છે. શહેરોને વિવિધ કેટેગરીમાં મૂકી તે મુજબ ભથ્થાં આપવાનું સ્વીકારાયું છે. જુથ વીમાની કપાતના પણ નવા દર તા. ૧-૧૦-૨૦૨૨થી અમલી બનશે. તે મુજબ કર્મચારીઓનો જુથ વીમો હવે ૨૦૦ થી લઈને ૧૬૦૦ રૂ. સુધીનો કપાશે. આ ઉપરાંત ટ્રાન્સપોર્ટ એલાઉન્સના દર પણ શહેર મુજબ નક્કી કરાયા છે. ગાંધીનગરનો 'એક્સ' કેટેગરીમાં અમદાવાદ સાથે મૂકવામાં આવ્યુ છે. જ્યારે 'વાય' કેટેગરીમાં રાજકોટ, સુરત, વડોદરા, જામનગર અને ભાવનગરને મૂકવામાં આવ્યા છે.

ગાંધીનગરને 'એક્સ' કેટેગરીમાં સામેલ કરાતા અહીંના સરકારી કર્મચારીઓને ૧૩૫૦થી લઈને ૭૨૦૦ રૂ. સુધીનુ ટીએ મળશે જયારે અન્ય શહેરોના કર્મીઓને ૯૦૦થી લઈને ૩૬૦૦ રૂ. સુધીનુ ટીએ મળશે. ઘરભાડા ભથ્થામાં સારો એવો વધારો થશે. 'એક્સ' કેટેગરીના શહેરોના કર્મચારીઓને મૂળ પગારના ૨૪ ટકા સુધીનુ ઘરભાડુ મળશે. જ્યારે 'વાય' કેટેગરીના શહેરોના કર્મચારીઓને ૧૬ ટકા મુજબ અને અન્ય શહેરોના કર્મીઓને ૮ ટકા મુજબ ઘરભાડા ભથ્થુ મળશે. સ્થાનિક વળતર ભથ્થુ પણ ૧૧૦ રૂ. થી લઈને ૩૬૦ રૂ. સુધી વધશે. ગાંધીનગરના સરકારી કર્મચારીઓને આ નવા ઠરાવથી ખાસ્સો એવો ફાયદો થશે.

# કોટેશ્વરમાં મનપાના હોદ્દેદારો પાણી મુદ્દે ઘેરાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મનપાના પદાધિકારીઓ આજે કોટેશ્વર ગયા ત્યારે પાણીના મુદ્દે ગ્રામજનોએ તેમને ઘેરી અને પાણીની સમસ્યાને લઈ ઉગ્ર રજુઆતો કરી હતી.

કોટેશ્વર એ ગાંધીનગર મનપામાં નવા ભળેલા વિસ્તારમાં આવે છે. આજે ઝુંડાલ-અમિયાપુર-સુઘડ ખાતે વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ગ્રામીણ વિસ્તારમાં નર્મદા કેનાલનું પાણી આપવા માટેનું નેટવર્ક તૈયાર છે પરંતુ ગ્રામજનો સ્થાનિક સોર્સ પર જ આધાર રાખી પાણી મેળવી રહ્યા છે.

ગાંધીનગર તાલુકામાં ચોમાસાની આ સિઝનમાં ૨૧ ટકા જેટલી વરસાદની ઘટ છે. બે વખત નદી રિચાર્જ થઈ છે અને ભૂગર્ભજળના સ્તર થોડાક ઊંચા જરૂર આવ્યા છે પરંતુ પેયજળની ગુણવત્તા સામે અનેક પ્રશ્નાર્થો છે.

કોટેશ્વર ગામમાં ગ્રામજનોને આજે શાંત પાડવામાં સફળતા મળી હોવા છતાં પાણીનો પ્રશ્ન ભાજપ માટે શિરદર્દ બનશે તેવી વાતો રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

# જુના સચિવાલયમાં નવ માળના નવા બે બ્લોક બાંધવામાં આવશે

**જુના બ્લોકનુ પણ રીનોવેશન કરાશે : પાંચ દાયકા જુના બ્લોકમાં સુવિધા વિના કર્મચારીઓ અને મુલાકાતીઓને ડગલે ને પગલે દુવિધા : મહીલાઓ માટેના ટોયલેટ બ્લોક , લીફ્ટ સહીતની જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરાશે : ૧૮ હજાર ચો મી જગ્યામાં નવા બ્લોકમાં હાલના પાંચ બ્લોકની કચેરીઓનો સમાવેશ થશે**

ગાંધીનગર તા ૧૩

સમગ્ર રાજયના વહીવટી દોરી સંચાર જયાંથી થાય છે તેવા નવા સચિવાલયના વિવિધ બ્લોકનુ પણ મજબુતીકરણ કરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે પાંચ દાયકાના અંતે જુના સચિવાલયના વિવિધ બ્લોકનુ પણ નવિનીકરણ કરવામાં આવશે. જુના સચિવાલય સંકુલમાં નવ મજલાના નવા બે બ્લોક બાંધવામાં આવશે. જેમાં હયાત પાંચ બ્લોકની કચેરીઓનો સમાવેશ થશે. જયારે જુના બ્લોકના રીનોવેશન અન્વયે મહીલાઓ માટે નવા ટોઈલેટ બ્લોક , લીફ્ટ તેમજ કર્મચારીઓની યોગ્ય બેઠક વ્યવસ્થા સહીતની જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરાશે. નવા બ્લોક બાંધવા માટે પણ અંદાજિત ૨૦૦ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં એકબાજુ જુના અને જર્જરિત સરકારી આવાસો તોડીને નવા કોર્પોરેટ લુક ધરાવતા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. જુની સરકારી કચેરીઓ પણ અદ્યતન બનાવવામાં આવી રહી છે. દાયકાઓ જુના બિલ્ડીંગોનુ હવે રીનોવેશન અને મજબુતીકરણ અનિવાર્ય બન્યુ છે. ત્યારે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી નવા સચિવાલયના બિલ્ડીંગને મજબુત કરવા માટે પણ આગામી દિવસોમાં ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરાશે. જો કે આ મામલે રીપોર્ટના અંતે આખરી આયોજન કરવામાં આવશે જયારે બીજીતરફ જુના સચિવાલયમાં સ્થિત વિવિધ બ્લોકના નવિનીકરણ માટે પણ યોજના તૈયાર કરી દેવામાં આવી છે. જુના સચિવાલયમાં ચાર દાયકાથી જુના બ્લોકમાં કોઈ સુવિધા નથી જયારે આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સચિવાલય સંકુલમાં નવા બે બ્લોક બાંધવામાં આવશે. અંદાજિત ૧૮ હજર ચો મી જગ્યામાં નવા બ્લોક બાંધવા માટે નવતર અભિગમ સાથે આયોજન કરવામાં આવશે નવ માળના બ્લોકમાં તમામ સુવિધાઓ ઉભી કરાશે જયારે હાલની સ્થિતિએ સચિવાલયના વિવિધ બ્લોકમાં અનેકવિધ કચેરીઓ કાર્યરત છે. જયારે હાલ સચિવાલય સહીત વિવિધ સરકારી કચેરીઓમાં મહીલા કર્મચારીઓની સંખ્યા પણ વધી છે. ૧૯૭૦ના દાયકાના સમયગાળાને અનુલક્ષી જુના સચિવાલય સંકુલના બ્લોકસમાં મહીલા શૌચાલયની પણ પુરતી વ્યવસ્થા નથી જયારે હવે મહીલાઓ પણ હવે સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં જોડાઈને આગળ આવતા સચિવાલય સંકુલમાં મહીલા કર્મચારીઓની અવરજવર પણ વિશેષ જોવા મળે છે. આવા સંજોગોમાં મહીલાઓ માટે ટોઈલેટ બ્લોકની સંખ્યા પણ વધારી દેવાશે. આ ઉપરાંત નવિનીકરણ તેમજ નવા બ્લોકના બાંધકામમાં લીફ્ટ સહીત કર્મચારીઓની બેઠક વ્યવસ્થા સહીતની આનુસંગિક સુવિધાઓ ઉભી થાય તે મુજબનુ પણ આયોજન કરાશે. જયારે નવા બે બ્લોક પણ નવ મજલાના બાંધવામાં આવશે જેથી હાલના પાંચ બ્લોકની કચેરીઓ માત્ર એક જ બ્લોકમાં સમાવેશ થઈ જાય તે મુજબનુ આયોજન કરવામાં આવશે. નવા બે બ્લોક બાંધવા માટે અંદાજિત રૂ ૨૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સચિવાલય સંકુલમાં નવા બે બ્લોક બાંધવા સહીત અન્ય જુના બ્લોકનુ પણ જરૂરી રીનોવેશન કરી સુવિધાયુક્ત બનાવાશે. નવા સચિલાયની સાપેક્ષમાં આમ પણ જુના સચિવાલયના જુના બ્લોકમાં હાલના સમયની જરૂરીયાતને ધ્યાનમાં લઈએ તો સુવિધાના નામે મીંડુ ચિતરાયેલુ છે. આ મામલે લાંબા સમયથી નવી કોઈ વ્યવસ્થા કે આયોજન કરવામાં આવ્યુ નથી જયારે હવે સમય જતા સચિવાલય સંકુલની પાર્કીંગ વ્યવસ્થા પણ પર્યાપ્ત નથી જેથી નવા બ્લોકના બાંધકામ અને રીનોવેશનના અંતે પાર્કીંગ વ્યવસ્થા પણ અપગ્રેડ કરવામાં આવશે.

# ગુજરાતમાં માત્ર વિકાસની રાજનીતિ જ ચાલે છે : ધર્મેન્દ્ર પ્રધાન

**૨૦૨૨ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ તમામ રેકોર્ડ સર કરશે : ધર્મેન્દ્ર પ્રધાન**




ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, સમગ્ર ગુજરાતમાં પ્રારંભ થયેલ ભાજપ પ્રેરિત ગુજરાત ગૌરવ યાત્રા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના સુકાન હેઠળ ગુરૂવારે ગાંધીનગર ખાતે આવી પહોંચી હતી જેને આવકારવા ગાંધીનગરના દ્વાર એવા પેથાપુર ચાર રસ્તાએ ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ રુચિર ભટ્ટ, મેયર હિતેષ મકવાણા, ડે.મેયર પ્રેમલસિંહ ગોલની આગેવાનીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ ગૌરવ યાત્રા સમયે પેથાપુર ચાર રસ્તા પાસે ભાજપના કાર્યકર્તાઓ, શુભેચ્છકો, જાહેર જનતાની મેદની વચ્ચે એક વિશાળ જાહેર સભાનું આયોજન કરાયું હતું. આ વિશાળ જાહેર સભામાં કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે જે રીતે ગૌરવ યાત્રામાં જનતાનો જે પ્રતિસાદ મળ્યો છે તે જોતા ગુજરાતમાં આગામી બે મહિનામાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૭ વર્ષની ભાજપા સરકારની

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના ૨ અને ગ્રામ્યમાં ૧ કેસ નોંધાયો

**જિલ્લામાં આજે નોંધાયેલ ૩ કેસ મહિલા દર્દીઓના : સે. ૮ અને સે. ૨ માં બે વૃધ્ધા સંક્રમિત : રૂપાલમાં પણ મહિલા દર્દી**

ગાંધીનગર, તા. ૧૩

એક દિવસના વિરામ બાદ શહેર-જિલ્લામાં કોરોનાના આજે ૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના બે અને ગ્રામ્યમાં એક કેસ નોંધાયો છે.

અગાઉ સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી આ કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસો હવે લોકલ ટ્રાન્સમિશનથી થઈ રહ્યા હોવાથી તંત્રએ લોકલ ટ્રાન્સમિશનની ચેઈન તોડવા માટેની નવી રણનીતિ તૈયાર કરવાની વિચારણા હાથ ધરી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાંથી છુટા છવાયા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્ર પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું કહી રહેલ છે. રિકવરી રેટ સારો નોંધાયો છે અને હોસ્પિટલાઈઝેશન રેટ પણ ઓછો હોવાથી તંત્રને રાહત જરૂર છે પણ છુટા છવાયા વિસ્તારોમાંથી કેસો મળતાં દોડધામ વધવા પામી છે.

શહેર-જિલ્લામાં હાલ બેવડી ઋતુનો માહોલ હોવાથી કેસોની સંખ્યા વધવાનો ભય પણ તબીબી જગતમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

શહેર-જિલ્લામાં આજે નોંધાયેલ ૩ દર્દીઓ મહિલા દર્દીઓ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામેથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં ૭૩૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે બે કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ બન્ને કેસ મહિલા દર્દીના છે અને બન્ને મહિલા દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવે છે. આ બન્ને મહિલા લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થઈ હોવાનું તંત્રની તપાસમાં જણાયુ છે.

સે. ૮માં ૭૦ વર્ષની વૃધ્ધા અને સે. ૨ માં ૮૦ વર્ષની વૃધ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ સર્વેલન્સ સઘન કરવા તેમજ વેક્સિનેશન અભિયાન સઘન બનાવવાની સૂચનાઓ આપી છે.

# ખ-માર્ગ પર ગટરની મુખ્યલાઈનમાં ગાબડુ પડતા મોટો ભુવો પડ્યો

**વર્ષો જુની લાઇન હોવાના લીધે અચાનક જ ગાબડુ પડયુ : તંત્ર દ્વારા ગાબડુ પુરવા સહીત નવી લાઇન સંબંધિત કામ હાથ ધરાયુ**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે હાલ પાણી ગટરની નવી લાઈન નાંખવા એકબાજુ સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. ત્યારે વર્ષો જુની લાઈનમાં સમયાંતરે ગાબડા પડવાની સમસ્યા પણ ઉદભવે છે. વરસાદી દિવસો દરમિયાન પણ શહેરના માર્ગો પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા સેકટરોમાં લાઈનના ખોદકામ વેળાએ પણ અનેક સમસ્યાઓ ઉદભવે છે. જયારે જુની લાઈનના લીધે પણ અનેકવાર ગટરના મેઈનહોલ કે મુખ્યલાઈનમાં ભંગાણ થતા હોવાનુ ધ્યાને આવે છે. આજે નગરના ખ માર્ગ પર જુના સેકટરો સાથે જોડાયેલી મુખ્યલાઈનમાં ગાબડુ પડતા સમસ્યા સર્જાઈ હતી મોટ મસ ખાડાના લીધે ભયજનક સ્થિતિ ઉભી થઈ હતી. લાઈનનુ કામ હાથ ધરવા માટે તંત્ર દોડતુ થયુ હતુ.



ગાંધીનગરમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવતો નથી સેકટરોમાં એકબાજુ નવી ગટર લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે સ્માર્ટ સીટી અન્વયે નવી લાઈન નાંખવા માટે પણ ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. બીજીતરફ શહેરમાં વરસાદી દિવસોમાં ઠેર ઠેર ગાબડા પડવાનો સિલસિલો પણ યથાવત છે. માર્ગો પર અચાનક જ મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. સ્માર્ટ સીટી અન્વયે નવી લાઈન નાંખવા માટે કામગીરી ચાલી રહી છે. જેના લીધે આમ પણ તંત્ર માટે એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાય છે. શહેરમાં ગટર લાઈનનુ નેટવર્ક વર્ષો જુનુ છે. ત્યારે હજુ નવી લાઈન નાંખવાની કામગીરી પુર્ણ થતા સમય લાગે તેમ છે. આવા સંજોગોમાં વારંવાર ગટર લાઈનમાં ગાબડા પડતા હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. આજે પણ નગરના ખ માર્ગ પર મોટુ ગાબડુ પડતા જોખમી સ્થિતિ સર્જાઈ હતી ખ-દોઢ પાસે માર્ગ પરથી પસાર થતી ગટર લાઈનમાં ગાબડુ પડયુ હતુ જેના લીધે સ્થળ પર મોટો ખાડો અસ્તિત્વમાં આવ્યો હતો. સુત્રોના જણાવ્યા મુજબ ખ માર્ગ પરથી પસાર થતી આ લાઈનમાં સે-૧૪, સે-૧૫ સે-૨૪,૨૫, ૨૬ અને સે-૨૭ ઉપરાંત આદિવાડા, ગોકુલપુરા, જી આઈ ડી સી ની લાઈન જોડાયેલી છે. જયારે ગટરનુ દુષિત પાણી આ લાઈનમાંથી પસાર થઈને સરગાસણ પમ્પીંગ સ્ટેશન

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણી પંચના નાયબ કમિશનર શ્રીકુમાર ૧૬મીથી ૪ દિવસ ગુજરાતના પ્રવાસે

ગાંધીનગર, તા. ૧૩

આગામી ૧૬મીથી ભારતીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશનર રવેશકુમાર ગુજરાતના ૪ દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

નાયબ ચૂંટણી કમિશનર રવેશકુમાર રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ઝોનવાઈઝ ફરી અને તૈયારીઓ જે ચાલી રહી છે તેની સમીક્ષા કરી ૨૦ ઓક્ટો.ના રોજ પંચને પોતાનો અહેવાલ આપશે.

કેન્દ્રીય ચૂંટણી પંચ જ્યારે ગુજરાત આવ્યુ હતુ ત્યારે કેટલીક બાબતોને લઈ પંચે કરેલા સૂચનો તેમજ તૈયારીઓની સમીક્ષામાં કેટલીક ક્ષતિઓ ધ્યાને આવતાં પંચ ચોંક્યુ હતુ. પંચે આ મુદ્દાઓને લઈ રાજ્યના મુખ્ય સચિવશ્રીની મુલાકાત વેળાએ ધ્યાન પણ દોર્યુ હોવાનું મનાઈ રહ્યું છે.

હવે પંચના નાયબ ચૂંટણી કમિશનર ગુજરાતના ૪ દિવસના વિસ્તૃત પ્રવાસે આવી રહ્યા છે અને જિલ્લાકક્ષાએ ચાલી રહેલી તૈયારીઓની ઝીણવટભરી સમીક્ષા કરશે તેમ મનાઈ રહ્યું છે.

એક તરફ વિધાનસભાની ચૂંટણીઓને લઈ જુદી જુદી વાતો વહેતી થઈ રહી છે ત્યારે પંચના નાયબ ચૂંટણી કમિશનરની આ મુલાકાત પણ મહત્વની માનવામાં આવી રહી છે. ચૂંટણીઓ યોજવા અંગેની વિચારણા પંચ દ્વારા આ માસાન્તે નિર્ણય કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. જો કે ચૂંટણીઓ નિયત સમયે જ યોજાશે તેવી જાહેરાત પંચે કરી ચુક્યુ છે. આમેય ડિસેમ્બર માસમાં જ ચૂંટણીઓ થશે અને ડિસેમ્બરના ત્રીજા સપ્તાહમાં નવી સરકારની રચના થશે તેમ મનાઈ રહ્યુ છે.

# મનપાની દક્ષિણ ઝોનની કચેરીનું સ્થાન બદલવા ચૂંટાયેલી પાંખનું ભારે દબાણ

**મનપાને ઝોનમાં વિભાજીત કર્યા પછી બેસવાની જગ્યાનો મુદ્દો વિવાદનું કેન્દ્ર બન્યો**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાના સુચારૂ વહીવટ માટે અમલમાં આવેલા ઝોન અને ઝોનના વડામથકોની પસંદગીને લઈ સત્તાધારી પક્ષ ભાજપ અને વહીવટીય પાંખ વચ્ચેનો વિવાદ વકરી રહ્યો છે.

ખાસ કરીને દ. ઝોનનું વડુ મથક ખોરજ બનાવવાની પસંદગીને લઈ વિવાદ ઉભો થયો છે. આ ઝોનમાં કામ માટે ઓછામાં ઓછુ ૧૫ કિ.મી.નું અંતર કાપવુ પડે તેમ છે. જેને લઈ મુલાકાતીને એક આખો દિવસ બગડી શકે.

મનપાની સેવાઓને સુધારવાને બદલે જે રીતે સેવાઓ કથળી રહી છે તેને લઈ સતત વિવાદમાં મનપા રહ્યું છે. ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે મનપામાં જ વિવાદ છે એવુ નથી જિલ્લા પંચાયતમાં અને તાલુકા પંચાયતોમાં પણ આવી સ્થિતિ જોવા મળી રહી છે.

મનપામાં મદદનીશ કમિશનરોની જગ્યાઓ સરકાર દ્વારા નિમણુંક કરાઈ નથી એટલુ જ નહિ મનપાએ પણ આ દિશામાં કોઈ નક્કર કામગીરી કરી નથી.

મનપાના ઝોન અમલી બનાવાયા પછી કર્મચારીઓની ફાળવણી અટવાઈ છે એટલુ જ નહિ આ માટે જે ઝોન કચેરીઓ છે તેની પાસે બેસવા અને કચેરી માટે પુરતી જગ્યા ઉપલબ્ધ છે કે નહિ તેની પણ વિચારણા કરાઈ નથી.

ઝોન કચેરીમાં લગભગ તમામ શાખાઓ કાર્યરત કરવાની થાય અને તેથી જ આ માટે કચેરીઓ માટે પુરતી જગ્યા હોવી પણ જરૂરી છે. ગાંધીનગર મનપાની કચેરીમાં આમેય કાયમી કર્મચારીઓની સંખ્યા ખુબ ઓછી છે. આઉટસોર્સીંગથી કામગીરી ચાલી રહી છે ત્યારે તંત્રએ આ નિર્ણય ઉતાવળે કર્યો કે પછી ચૂંટાયેલી પાંખને અંધારામાં રાખી કર્યો તેને લઈ વિવાદ ઉભરી આવ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com